



# મોડાસા માર્કેટયાર્ડમાં ગેરકાયદેસર વેપારીઓના દબાણ હટાવવાની કામગીરીનો પ્રારંભ : વેપારીઓમાં ઉગ્ર રોષ

અરવલ્લી જીલ્લાના સૌથી મોટા મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર (માર્કેટયાર્ડ)માં દુકાનધરાવતા દુકાનદારોએ દુકાન આગળ ગેરકાયદેસર દબાણ ઉભા કરી દેતા માર્કેટયાર્ડમાં માલ વેચાણ અર્થે આવતા ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી માર્કેટયાર્ડ દ્વારા ગેરકાયદેસર દબાણ કરનાર ૯૮ વેપારીઓને દબાણ હટાવવા ત્રણ નોટિસ ફટકારવામાં આવી હતી જેનો માર્કેટયાર્ડના વેપારીઓએ ઉગ્ર વિરોધ નોંધાવી હડતાલ પાડી હતી ત્યારબાદ વેપારીઓ અને માર્કેટયાર્ડના સત્તાધીશો વચ્ચે સમાધાન થતા બીજા દિવસે હડતાલ સમેટાઈ હતી. દબાણકારો દબાણ હટાવવા એકના બે ન થતા માર્કેટયાર્ડ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી શરુ થતા વેપારીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. શુક્રવારે મોડાસા માર્કેટયાર્ડના દ્વારા દુકાનો આગળ ગેરકાયદેસર દબાણ કરનાર ૯૮ વેપારીઓનું દબાણ હટાવવાની કામગીરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જેસીબી મશીનની મદદથી શરુ થાય તે પહેલા વેપારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ માર્કેટયાર્ડ સામે વિરોધ નોંધાવ્યા છતાં માર્કેટયાર્ડ દ્વારા દબાણ હટાવવા મક્કમ બની દબાણ હટાવવાની પ્રારંભ કરતા ૩૦ વર્ષથી વેપાર કરતા વેપારીઓની દુકાનોનું દબાણ દૂર થતા રડી પડ્યા હતા. વેપારીઓમાં ભારે નિરાશા સાથે માર્કેટયાર્ડની કામગીરી સામે ઉગ્ર રોષ નોંધાવ્યો હતો. માર્કેટયાર્ડના નિર્માણ બાદ પ્રથમવાર ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરીથી દિવસભર ઉચાટ ભર્યો માહોલ યથાવત રહ્યો હતો. માર્કેટયાર્ડમાં દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે મોટી સંખ્યામાં પોલીસ કાફલો માર્કેટયાર્ડમાં ગોઠવાયો હતો.

## પાલનપુર રેલવે સ્ટેશનની મુલાકાત લેતા જિલ્લા કલેકટર-પોલીસવડા

સાબરકાંઠામાં ૧૪ મહિનાની બાળકી સાથે થયેલ દુષ્કર્મની ઘટના બાદ પરપ્રાંતિયો



સામે લોકોનો રોષ ભડકી ઉઠ્યો છે. પાલનપુરમાં પણ છેલ્લા એક સપ્તાહથી પરપ્રાંતિયોના ધંધા-રોજગાર બંધ છે. કેટલાક લોકો વતનમાં પરત જઈ રહ્યા છે. ત્યારે જિલ્લા કલેકટર અને પોલીસવડાએ બુધવારે સાંજે રેલવે સ્ટેશન જઈ તેમની રૂબરૂ મુલાકાત લઈ સંપૂર્ણ સુરક્ષાની ખાત્રી આપી હતી.

પાલનપુર રેલવે સ્ટેશને પરપ્રાંતિઓની મુલાકાતે આવેલા જિલ્લા કલેકટર સંદિપ સાગલેએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જિલ્લામાંથી મોટી માત્રામાં કોઈ પરપ્રાંતી લોકો વતનમાં ગયા નથી. જે લોકો ગયા છે તેમને મેસેજ પહોચાડી પરત આવવા જણાવવામાં આવ્યું છે. વર્તમાન સમયે જે લોકો જિલ્લામાં છે. તેઓ જરાપણ ભય ન અનુભવવાની જરૂર નથી. જ્યારે જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુલે જણાવ્યું હતુ કે, પરપ્રાંતિઓની સુરક્ષા માટે જિલ્લાનું પોલીસતંત્ર છેલ્લા છ દિવસથી સતત તેમની સતત મુલાકાત લઈ રહ્યું છે. આ લોકો કોઈ ભયના કારણે નહી પણ અંગત કારણોસર વતનમાં જઈ રહ્યા છે. પરપ્રાંતિયોને હેરાન કરવાના ગૂનામાં બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સાબરકાંઠા-સુરતમાં નાની બાળાઓ પર દુષ્કર્મના કેસની ઝડપી ટ્રાયલ માટે બે ફાસ્ટટ્રેક કોર્ટ જજની નિમણુંક

હિંમતનગર, તા. ૧૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં સાબરકાંઠામાં માસુમ બાળકી પર અને સુરતમાં બે નાની બાળાઓ પર થયેલા દુષ્કર્મ બળાત્કાર કેસના આરોપીઓને સખ્ત સજા થાય અને પીડિત પરિવારોને ઝડપી ન્યાય મળે તે માટે આ કેસની ટ્રાયલ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવા માટેની પ્રતિબધ્ધતા દર્શાવી હતી. આ ત્રણેય કેસની ઝડપી ટ્રાયલ માટે ખાસ ફાસ્ટટ્રેક કોર્ટ જજની નિમણૂંક કરી દેવામાં આવી છે.

રાજ્ય વડી અદાલતે આ અંગેના જારી કરેલા જાહેરનામા અનુસાર સાબરકાંઠાની ઘટનામાં ફાસ્ટટ્રેક કોર્ટ જજ તરીકે સાબરકાંઠા જિલ્લાના પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ કે. બી. ગુજરાથી તેમજ સુરતની બે ઘટનાઓમાં ફાસ્ટટ્રેક કોર્ટ જજ તરીકે સુરત જિલ્લાના પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ આર. કે. દેસાઈની નિયુકિત કરવામાં આવી છે.

## દુષ્કર્મના આરોપીને લઈને કરેલા ભડકાઉ નિવેદનનો વિડિઓ વાયરલ થતા ચકચાર

પાલનપુર, તા. ૧૨

હિંમતનગરના ઢુંઢરની ચૌદ માસની બાળકી પર દુષ્કર્મની ઘટનાને પગલે લોકોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે. ત્યારે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે કાયદો હાથમાં લઈ આરોપીનો ખેલ ત્યાંજ પૂરો કરવાને લઈને કરેલા વિવાદિત નિવેદનનો વિડિઓ વાયરલ થતા ચકચાર મચી ગઈ હતી.

વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરનો વિવાદિત નિવેદનનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં તેઓ ઢૂંઢરની ઘટના બની ત્યારે આરોપીને પોલીસને હવાલે કરવાને બદલે કાયદો હાથમાં લઈ તેને પેટ્રોલ છાંટી ત્યાંજ પૂરો કરવાની સલાહ આપતો વિડિઓ વાયરલ થયો હતો.

ધારાસભ્ય તરીકે ગેનીબેન ઠાકોરનો વિવાદિત નિવેદનનો વિડિઓ વાયરલ થતા તેઓ બચાવની સ્થિતિમાં આવી ગયા હતા. જોકે, ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતુ કે, આ ઘટનાને પગલે રોષે ભરાઈને રજુઆત કરવા આવેલી આક્રોષિત મહિલાઓનો ગુસ્સો શાંત કરવા મેં આવું નિવેદન કર્યુ હતું. બાકી વિવાદિત નિવેદન કરવા પાછળ મારો કોઈ બદઈરાદો ન હોવાનો તેઓએ લુલો બચાવ કર્યો હતો.

### પ્રાંતિજના રાસલોડ ખાતે આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના લોકાર્પણ કાર્યક્રમમાં

## રજાના દિવસે પણ મંત્રીના આગમન સુધી બાળકોને પાંચ કલાક સુધી રાહ જોવી પડી

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના લોકાર્પણ પ્રસંગે રજાના દિવસે પણ હાજર રાખવામાં આવ્યાં હતા. બપોરના બે વાગ્યાથી રાતના સાત વાગ્યા સુધી બાળકોએ હાથમાં રાષ્ટ્રીય ધ્વજ અને ફુલોની થાળી સાથે નવરાત્રી વેકેશનમાં પણ મંત્રીના આગમન સુધી પાંચ કલાક સુધી લોકાર્પણ



શાળાના બાળકોને હાજર રહ્યાં તો મંત્રી લેટ આવતાં શાળાના બાળકોએ પાંચ કલાક વેટ કર્યો.

પ્રાંતિજના રાસલોડ ખાતે આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના લોકાપર્ણ કાર્યક્રમમાં નવરાત્રી વેકેશન ચાલતું હોવા છતાં મંત્રીના સ્વાગત માટે જાહેર રજા અને નવરાત્રી વેકેશન ચાલતું હોવા છતાં રાસલોડ પ્રાથમિક શાળાના બાળકોને કાર્યક્રમમાં સ્થળે ઉપસ્થિત રાખવામાં આવ્યાં હતા. રોડ પરિવહન અને ધોરીમાર્ગ અને કેમીકલ ફર્ટીલાઈઝર કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડલીયા લેટ આવતા પાંચ કલાક સુધી રાસલોડ પ્રાથમિક શાળાના બાળકો અકળાઈ ગયાં હતા. મંત્રીનો કાફલો આવતાં બાળકોએ હાશકારો અનુભવ્યો હતો અને મંત્રી આવતાંને સ્વાગત બાદ બાળકોને છુટકારો મળ્યો હતો.

## ભારત સરકાર દ્વારા અલંગ શીપ રીસાયકલીંગ યાર્ડનાં વિકાસ માટે ફેરસ ફંડ ફાળવવામાં આવ્યું : મનસુખભાઈ માંડવિયા

ગાંધીનગર, તા. ૧૨

પ્રવાસન ઉદ્યોગને વેગ મળે તથા તેના દ્વારા સ્થાનિક રોજગારીનો વધારો કરવા ભારત સરકાર દ્વારા પ્રવાસનના ઉદેશસહ ગુજરાતમાં આવેલ જુદી જુદી ત્રણ દીવાદાંડીનું પ્રવાસન હેતુ માટે વિકાસ કરવામાં આવશે. દ્વારકા ખાતે ૪૩ મીટર ઊંચાઈની દીવાદાંડી, વેરાવળ ખાતે ૩૦ મીટર ઉંચાઈની દીવાદાંડી તથા ગોપનાથ ખાતે ૪૦ મીટર ઉચાઈની દીવાદાંડી આવેલ છે. આ સ્થળો પ્રવાસન માટે પ્રસિદ્ધ છે જેથી અહી આવતા યાત્રીઓ દીવાદાંડીની પણ મુલાકાત લઈ શકે તે હેતુથી આ દીવાદાંડીઓને પ્રવાસન હેતુથી વિકસવાનો ભારત સરકાર દ્વારા નિર્ણય કરેલ છે.

આ દીવાદાંડીમાં વિઝીટર રૂમ, માહિતી માટે કિઓસ્ક, મેરીટાઈમ અને સ્થાનિક ઈતિહાસ દર્શાવતા એલઈડી ફાઉન્ટેન, દરિયાકાંઠે વોક-વે, લેન્ડસ્કેપિંગ, ટોઈલેટ બ્લોક, બેસવા માટેની સુંદર વ્યવસ્થા ઊભી કરીને આકર્ષણનું કેન્દ્ર બનાવવામાં આવશે.આ દીવાદાંડી મરીન નેવિગેશન સિસ્ટમને મદદરૂપ થશે જ સાથે સાથે ટૂરિઝમ માટેનો પણ હેતુ હોઈ, પેનોરેમીક ગેલેરી તરીકે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ સાથે અલંગના જહાજ ઉદ્યોગને મદદરૂપ થવા ભારત સરકાર દ્વારા રૂપિયા ૨૧૫ કરોડનું ફંડ ફાળવવામાં આવશે. અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડનું વર્ષોથી જમા થયેલ ફેરસ ફંડ ફાળવવામાં આવેલ ન હોતું જેથી તાજેતરમાં સરકાર દ્વારા આ ફેરસ ફંડ ફાળવવા મહત્વનો નિર્ણય કરેલ છે. કેન્દ્રમાં જ્યારથી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી તરીકે કાર્યરત થયા છે અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડને 'ગ્રીન શીપ રીસાયકલ યાર્ડ' તરીકે વિકસાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. અલંગ શિપ રિસાઈકલિંગ યાર્ડને વિશ્વકક્ષાનું ઈકો ફ્રેન્ડલી શીપ રીસાયકલ યાર્ડ બને તથા વિશ્વની તમામ પ્રકારની શીપનું રીસાયકલીંગ થાય તે માટે સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

## મોડાસા ખાતે ડૉ. ટી. નટરાજને હિંમતનગર-મોડાસા કુદરતી ગેસ પાઈપ લાઈન નેટવર્ક ૪૫ કીમીનું ખાતમુહર્ત કર્યું

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હિંમતનગર રોડ પર આવેલા



સબલપુર ગામ નજીક ધરતી કોલ્ડ સ્ટોરેજ કંપાઉન્ડ ખાતે સાબરમતી ગેસ લી. (એસ.જી.એલ)ના ચેરમેન ડૉ. ટી. નટરાજનના હસ્તે ૪૫ કિલોમીટર હિંમતનગર-મોડાસા કુદરતી ગેસ પાઈપલાઈન નેટવર્ક (એચ.એમ. પી. સી. એલ)નો ખાતમુહત કાર્યક્રમ યોજાયો હતો. એમ.ડી. રામકુમારના જણાવ્યા અનુસાર ૧૦૦ કરોડથી વધુનો ખર્ચે થશે અને જાન્યુઆરી સુધીમાં આ પ્રોજેક્ટ કાર્યરત થશે અને પ્રથમ અંદાજે ૩૦૦ જેટલા કનેક્શનનો લાભ મોડાસાના શહેરીજનોને મળશે. આ સુવિધા આગામી ૫ વર્ષ સુધી ધનસુરા અને બાયડના પ્રજાજનો માટે ઉપલબ્ધ થશે. સમગ્ર પ્રોજેક્ટ સુરત ચીફ મેનેજર પ્રોજેકટના માર્ગદર્શન હેઠળ આકાર પામશે. ખાતમુહત કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર એન. નાગરાજન, ડીડીઓ હસિત ગોસાવી, પોલીસવડા મયુર પાટીલ, પુરવઠા અધિકારી ડોડીયા સહીત જીલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જીલ્લા કલેક્ટર એન. નાગરાજન જીલ્લાના ગતિશીલ વિકાસ માટે અને પ્રજાલક્ષી સિવિલ હોસ્પિટલ જમીન સંપાદન બાદ પીએનજી ગેસના પ્રોજેક્ટ પર કામ હાથ ધરી ગુરુવારે ૪૫ કિલોમીટર હિંમતનગર-મોડાસા કુદરતી ગેસ પાઈપલાઈન નેટવર્ક (એચ.એમ.પી.સી.એલ)નો ખાતમુહત કાર્યક્રમ યોજાતા પ્રજાલક્ષી કામોને પ્રાધાન્ય આપવામાં આવતા જિલ્લાવાસીઓમાં આનંદ છવાયો હતો.

## અરવલ્લીમાં બિનવારસી પશુ-પક્ષીઓ બિમાર પશુઓની સારવાર માટે કરૂણા એમ્બ્યુલન્સનું લોકાર્પણ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં બીનવારસી-રખડતા બિમાર



ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓની સ્થળ પર સારવાર મળી રહે તે માટે 'કરૂણા એમ્બ્યુલન્સ-૧૯૬૨''નો જીલ્લા કલેકટર એન. નાગરાજનના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, નગરસેવકો, જીવદયાપ્રેમીઓ, પ્રાણી અત્યાચાર નિવારણ સંસ્થાના નિલેશ જોશી, અંકિત પટેલ, નાયબ પશુપાલક નિયામક ડૉ. બી.એમ. સરગરા અને ચીફ ઓફિસર પ્રણવ પારેખ ઉપસ્થિત રહ્યા હતા.

કરૂણા એમ્બ્યુલન્સ-૧૯૬૨નો લાભ મોડાસાનગર વિસ્તારમાં બીનવારસી રખડતા બિમાર-ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓને સારવાર માટે મળવાનો છે. જીવદયા પ્રેમીઓમા આનંદ થયો, કરૂણા એમ્બ્યુલન્સ-૧૯૬૨ સેવા સવારના ૮ કલાકથી સાંજના ૮ કલાક સુધી મેળવી શકાશે. સેવા મેળવવા ૧૯૬૨ નંબર ડાયલ કરવાથી ટીમ સાથે સ્થળ ઉપર તાત્કાલિક આવી પશુ-પક્ષીની સારવાર આપશે. સારવાર માટે પ્રચાર-પ્રસાર કરવા તમામ નગરજનોને જણાવ્યું.

## પાલનપુર ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ વિરુદ્ધ શિહોરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

કાંકરેજ, તા. ૧૨

સતત ત્રણ દિવસ ટોક ઓફ ધ ટાઉનમાં ચર્ચામાં રહેલ બનાસ નદીમાંથી રેતી ચોરી બાબતમાં રાતના અંધારામાં પાલનપુર ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી. રેડ મામલો ગરમાતા અંતે આજે બે મશીનો શિહોરી પોલીસ સ્ટેશનમાં લઈ જવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી. ત્રણ બીએસએફ જવાનો અને ચુસ્ત પોલીસબસ્ત વચ્ચે મશીનો રવાના કરવામાં આવ્યા હતા. સરકારી કર્મચારી તરીકે ખાણ ખનિજ પાલનપુરના રોયલ્ટી ઈન્સ્પેક્ટર દિપક પટેલ અને અન્ય કર્મચારીની હાજરીમાં લઈ જવાની કાર્યવાહી કરી હતી. જમીન ખેતરમાં પડેલ ખેડૂત દ્વારા મશીનો હટાવવા માટે તેમજ લઈ જવાનું કારણ પુછતાં તંત્ર દ્વારા કોઈ જવાબ આપવા તૈયાર ન થતા લોકોના ટોળા એકઠાં થયાં હતાં અને અનેક પ્રકારની ચર્ચાઓ જાગી હતી. આખરે સત્ય વાતોને સ્વીકારે છે. શુ ખરેખરમાં મશીન નદીમાં હતા કે પછી માત્ર લીઝ ધારકો પાસે રોકડી કરવાની તરકીબ કરતા પાલનપુર ખાણ ખનિજને ફળ પ્રાપ્ત ન થયું. પાલનપુર ભૂસ્તર શાખાના માણસો દ્વારા મશીન માલિકોને કોઈ પણ જાતનો જવાબ આપવા માટે ઈન્કાર કર્યો હતો. ત્યારે આ બાબતે મશીન માલીક રાવલ પરેશકુમાર ગોવિંદભાઈ રહે. રણાવાડા જાગીર તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા પાલનપુર ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ વિરુદ્ધ શિહોરી પોલીસ સ્ટેશનમાં અરજી દાખલ કરવામાં આવી હતી અને પાલનપુર ભૂસ્તર શાખાના અધિકારીઓમાં સોંપો પડી જવા પામ્યો હતો.

ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ એ હીટાચી મશીનો સિઝ કરીને શિહોરી પોલીસ કવાર્ટરમાં લઈ જતાં હતાં ત્યારે વચ્ચે પાણીની ગટર ઉપર લોખંડની પાઈપની જાળી ઉપર મશીનો પસાર થતા ટુટી જવા પામી હતી ત્યારે હવે આની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે કે પછી તેરી ભી ચુપ મેરિ ભી ચુપ આમ એકબાજુ મશીન માલિકો આક્ષેપો કરી રહ્યા હતા અને બીજી બાજુ પોલીસ ક્વાર્ટર તરફના રસ્તાની જાળી તોડી નાખી મશીનો પસાર થઈ જાય ત્યારે કાયદો અને વ્યવસ્થા ક્યાં ગયા. આમ તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરી ઉપર અનેક પ્રકારના સવાલો ઉભા થયા છે ત્યારે મશીન માલિકોએ પોતાના હાથમાં કાયદો લીધા વગર સીધા પોલીસ સ્ટેશનમાં જઈ પાલનપુર ખાણ ખનિજ ભૂસ્તર શાખા વિરુદ્ધ અરજી આપતાં હડકમ્પ મચી જવા પામ્યો હતો.

### ફુગાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટાડો થયો છે. એક વર્ષ અગાઉ આ મહિનાનો આંકડો ૪.૮ ટકા રહ્યો હતો. આ વર્ષે ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમત આશાસ્પદ રહી છે.

સરકાર દ્વારા લઘુમત્ત સમર્થન મુલ્યમાં વધારો કરવામાં આવ્યો છે જેની અસર જોવા મળી છે. શહેરી સીપીઆઈનો આંકડો ૪.૩૧ ટકા સુધી પહોંચ્યો છે. સીપીઆઈ ફુગાવાના આંકડા અને ડબલ્યુપીઆઈ ફુગાવાના આંકડા ઉપર આરબીઆઈની હંમેશા નજર રહે છે. આરબીઆઈએ હાલમાં જ રેટને યથાવત રાખ્યા હતા. ફૂડની કિંમતો, આરબીઆઈના પગલા ટૂંકમાં જ અસર દેખાશે. કઠોળ અને કોમોડિટીમાં ઉપયોગ કરવામાં આવતી શાકભાજીની કિંમતોમાં મહિનાઓના આધાર પર ઘટાડો થઈ રહ્યો છે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ૬.૬ ટકાનો રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં દેખાવ શાનદાર રહ્યો હતો. રિટેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં સીપીઆઈ ફુગાવો ૩.૬૯ ટકા રહ્યો હતો જે ૧૦ મહિનાની નીચી સપાટી છે. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં જુદા જુદા આંકડા હાલમાં જારી કરવામાં આવનાર છે. આશ્ચર્યજનક પહેલરૂપે આરબીઆઈએ તે દિવસે વ્યાજદર યથાવત રાખ્યો હતો.

### જોખમી મકાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોને જી ફોર કેટેગરીમાં સામેલ કરવામાં આવે છે. જયારે તબક્કાવાર મંજુરીના અંતે આવાસો ખાલી કરાવી દેવાયા બાદ મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. થોડા સમય અગાઉ હાથ ધરાયેલા સર્વેના અંતે શહેરના વિવિધ સેકટરોમાં ૧૬૦ જેટલા બ્લોક જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જુદી જુદી કક્ષાના ૧૨૫૦ જેટલા મકાનો ભયજનક છે. જયારે આ ભયજનક મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ આ મકાનો તબક્કાવાર તોડી પાડવામાં આવશે. જયારે આ મકાનો પૈકી હાલની સ્થિતિએ ૩૪૯ જેટલા મકાનો ખાલી છે. જયારે ૯૦૧ મકાનો ખાલી કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. રહીશોને મકાનો ખાલી કરાવવા માટે તંત્રએ ગતિવિધિ હાથ ધરી છે. શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી ભયજનક મકાનોની સંખ્યા વધી રહી છે. સરકારી આવાસો વર્ષોથી જાળવણીના અભાવે કંગાળ અને જોખમી બન્યા છે. આવા સંજોગોમાં મોટાભાગના મકાનો મજબુતીકરણના અંતે પણ યોગ્ય થઈ શકે તેમ નથી. જયારે રીનોવેશન હેઠળ આવરી શકાય તેવા એવી કક્ષામાં પણ નથી. ત્યારે આ મકાનો ખાલી કરાવવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. તબક્કાવાર મકાનો ખાલી કરાવી દેવાયા બાદ આવાસો તોડી નાંખવામાં આવશે. જયારે નવા આવાસો બાંધવાનુ પણ આયોજન કરવામાં આવશે.

### નબળા છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે વાંચનમાં ૪૭૮૪ બાળકો, લેખનમાં ૫૪૦૧ બાળકો અને ગણનમાં ૯૯૬૨ બાળકો આજે પણ નબળા રહી જવા પામ્યા છે. ધો. ૬ થી ૮ના આ નબળા પરિણામોની વિગતો જાહેર થતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મિશન વિદ્યામાં ત્રણ તબક્કે અલગ-અલગ મૂલ્યાંકન પછી પણ આ સ્થિતિ સામે આવતાં જિલ્લામાં ગુણવત્તાસભર શિક્ષણપ્રથા સામે નવા પ્રશ્નાર્થ ઉભા થયા છે. જિલ્લાની વિવિધ પ્રા. શાળાઓમાં ભણતા ધો. ૬ થી ૮ના ૪૭૮૪ બાળકોને હજુ પુરૂ વાંચતા આવડતુ નથી તો ૫૪૦૧ બાળકો સાચુ લખી શકતા નથી અને ૯૯૬૨ બાળકોને ગણિતમાં ગમતા જ નથી આવડતુ. શિક્ષણમાં હવે પ્રયોગો નહિ પણ અસરકારક અભ્યાસક્રમ પર જ ધ્યાન અપાય તેવી માંગ વાલીઓમાં ઉઠી રહી છે.

### ખતરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બચાવવા માટેની સારવાર યુધ્ધના ધોરણે શરૂ કરી છે. સાથે સાથે વનવિભાગ અને નિષ્ણાત ટીમો દ્વારા અન્ય સિંહોની પણ તપાસ કરી તેમના સ્વાસ્થ્ય સંબંધી ખાતરી કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ગીરના સિંહોના કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ (સીડીવી)થી મોત નોંધાયા છે. એ પછી બીજા સિંહોની તપાસ કરવા માટે ૨૭ સિંહોના સેમ્પલ આઈસીએમઆર પાસે મોકલાયા હતા. તેમાંથી ૨૧ સિંહમાં સીડીવી હોવાનું જાણવા મળ્યું છે. સિંહોનો જીવ લઈ લેતો આ રોગ ઘાતક છે અને ગુજરાતનો વન વિભાગ તેમા સાવ ઉંઘતો ઝડપાયો હતો. વાઈરસ જોવા મળવાનો મતલબ એવો થાય કે હજુ પણ બીજા સિંહોમાં તેનો ફેલાવો થઈ રહ્યો છેઃ વાઈરસ હવાથી ફેલાતો રહે છે. ગીરના જંગલમાં ૩ સપ્તાહના ટૂંકા ગાળામાં ૨૩ સિંહના મોત થયા પછી હવે સરકાર વિવિધ દિશામાં તપાસ અને કાર્યવાહી કરી રહી છે. શરૂઆતમાં સરકારે સિંહોના મોત ઈન-ફાઈટથી થયા હોવાની વાત કરી હતી. બાદમાં તપાસ કરતા જણાયુ હતુ કે સિંહ સહિતના પ્રાણીઓમાં જોવા મળતો કેનાઈન ડિસ્ટેમ્બર નામનો ઘાતક રોગચાળો સિંહોને લાગુ પડયો છે. આફ્રિકાના જંગલોમાં આ રોગચાળાએ મોટી સંખ્યામાં સિંહોની વસતીનો સફાયો કર્યો છે. સીડીવી આસાનીથી રોકી શકાતો નથી, ફેલાતો અટકાવી શકાતો નથી. માટે સિંહોના મોત અટકાવવા એ મોટો પડકાર બની રહે છે. આઈસીએમઆરના રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયુ છે કે ૨૧ સિંહમાં વાઈરસ જોવા મળ્યો તેનો મતલબ એવો થાય કે વાઈરસનો ફેલાવો ચાલુ જ છે.

શક્ય છે કે ગીરના બીજા સિંહો સુધી પણ એ વાઈરસ પહોંચ્યો હોય. અલબત્ત, એ માટે જંગલખાતુ અને સરકારના અન્ય વિભાગો બાકીના સિંહની તપાસ કરી રહ્યા છે. પરંતુ રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે સિંહોની સલામતી માટે તેને હાલ પૂરતા તો ગીરમાંથી ખસેડવા જોઈએ. કેમ કે આ વાઈરસ હવાથી અને બીજી ઘણી રીતે ફેલાઈ શકે છે. જોકે ગુજરાત સરકારે સિંહોને ક્યાંય લઈ જવાની હાલ તો ના કહી દીધી છે.